## ક્ષમા - યાચના

૧/૫૬ ૦.૭.૦૯ હર્ષ પટેલ, ભૂમિ સોની, સમીપ સ્વાદીયા

અ.૯

શુદ્ધ નિરંજન નિત્ય તું, તને પુણ્ય ના પાપ;
ઉદ્ધત વાણી ઓચર્યો, માફ કર હે બાપ! ૯૧.

ગર્વે અવણના કરી, કર્યો તને હડધૂત;
દુષ્ટતા એ માહરી, કર ક્ષમા અવધૂત! ૯૨.

અ.૧૨

માફ કરી દોષો સહુ, ઉઘાડ નિશ્ચલ નેન;
અંકે તેડી બાળ આ, બોલ એક પણ વેણ. ૯૬.

અ.૩૦

મૂકું માથું ચરણમાં, કરો ક્ષમા અપરાધ;
આપો દર્શન વેગથી;, કાં ન સાંભળો સાદ? ૫૩.

અ.૫૭

નમીએ સાષ્ટાંગ પ્રભો, ચરણે વારંવાર;
કરો ક્ષમા અપરાધ એ, કૃપામૂર્તિ ભગવાન. ૯૬.

નમીએ વારંવાર હે, કરો ક્ષમા અપરાધ;
વૈકુંઠાધિપ વિષ્ણુ જે, તે જ તમે સાક્ષાત્! ૯૯.

ક્ષમારૂપ લક્ષ્મી વસે, સદા જેહની પાસ,
ભક્તસખા એ એક તું, નરનારાયણ ખાસ. ૧૦૪.

અ.૫૮

છેદી માયાપડળ આ, દે સ્વસ્વરૂપજ્ઞાન;
કર અપરાધ ક્ષમા પ્રભો!, એજ યાચના માન. ૪.

અપરાધો બાળક કરે, અનેક તોએ જેમ
કરે ક્રોધ માબાપ ના, કર ક્ષમા તું એમ. ૮૪.

અ.૫૯

કરી અપરાધ ક્ષમા સહુ, થા તું પ્રસન્ન તેમ;
તારી શરણાગત વિભો, લે શરણે તું એમ. ૩૯.

અ.૬૦

નારાયણ કરુણા કરી, કરો ક્ષમા અપરાધ;
શંખ ચક્ર ગદા અને, પદ્માંકિત સાક્ષાત. ૨૭.

દેખી વિરાટ સ્વરૂપ એ, થયા સુલજ્જિત દેવ;
માગે ક્ષમા પુનઃ પુનઃ, બની નમ્ર તતખેવ. ૪૨.

અ.૬૮

લોકદષ્ટિથી નરવપુ, કેવળ પરમ પુરુષ;
કર અપરાધ ક્ષમા પ્રભો, મા ધર મનમાં રુષ્[૧]. ૧૦૪.

અ.૭૫

કરી પરીક્ષા ભાવની, આપે તત્સમ ફળ;
કર ક્ષમા અમને પ્રભો, લીલા તારી અકળ!! ૮૯.

સર્વ ક્ષમા કરી શરણમાં, લે અમને ભો ત્રીશ!
સૂઝે નહિ શું બોલવું, જાણે તું સહુ ધીશ!! ૯૧.

અ.૭૮

કર ક્ષમા ગુરુનાથ હે!, હું અપરાધી બાળ;
જાણ્યું મેં નિશ્ચિત હવે, ના તુજ વિણ આધાર. ૨૬.

કર અપરાધ ક્ષમા પ્રભો, લે ઉદ્ધારી દાસ;
દેવરાજ પ્રણમું તુને, હર દુસ્તર ભવત્રાસ. ૪૬.

અ.૮૬

તું ચિન્મય કરુણાનિધે, રીઝે તું તતખેવ;
કર અપરાધ ક્ષમા પ્રભો, નૃસિંહસરસ્વતી દેવ!! ૧૭૫.



૧. રોષ, ગુસ્સો

અ.૧૦૯

કર અપરાધ ક્ષમા પ્રભો, ભક્તકલ્પદ્રુમ નાથ!
નામાનામાતીત હે, વંદુ તુજને તાત!! ૩૫.

દીનબંધુ! અપરાધ જે, મુજથી વારંવાર
થાય, ભૂલી તે દાસને, દે સાન્ત્વન નિર્ધાર. ૩૭.

અ.૧૧૨

શરણાગત પદદાસ હું, કરો ક્ષમા અપરાધ,
જુઓ ન દોષો દીનના, વારો સંકટ, તાત. ૪૦.

અ.૧૨૪

કૃપા કરી આ દુઃખથી, કરો મુક્ત પ્રભુ આંહ્ય;
અમે દુષ્ટ પાપી અતિ!, કરો ક્ષમા યતિરાય!! ૨૯.

અ.૧૨૫

કહેઃ- દયાલો! હું નકી, અધમ પાતકી એમ;
કરો ક્ષમા અપરાધ એ, જાણું કાંઈ ન તેમ. ૨૪.

કરો ક્ષમા અપરાધની, શરણાગત હું નાથ;
એમ કરી પગમાં તિહાં, આળોટે સાક્ષાત્! ૭૨.

અ.૧

કોણ મશક્ હું બાપડો, હોય ન જો ગુરુ સાથ?
ક્ષમા કરો દોષો સહું, આપો સજ્જન સાથ! ૮૦.

અ.૪૯

અભયદાન દે બાળને, ક્ષમા કરી અપરાધ;
તુજ વિણ કોઈ ના મુને;, સાંભળ મારો સાદ!! ૯૬.

★★★★★

## ક્ષમા યાચના

### (અધ્યાય ૧૧૯ ઉપાસનાકાંડ)

એક શરદપૂનમે શુષ્ક પૌઆનું નૈવેદ્ય પૂ. સ્વામી મહારાજે ધરાવ્યું. દત્ત પ્રભુ નારાજ થયા. પૂ. સ્વામી મહારાજે કહ્યું કે આજે માજીએ મને નૈવેદ્ય બરાબર તૈયાર કરીને આપ્યું નહીં આથી મેં સુકા પૌવા ધરાવ્યા અને દત્ત ભગવાને નારાજ થઈ રમા માતાનો કંઠ સૂજાડ્યો. જાણે આ નાટકીય લીલા ભક્તોને 'અપરાધક્ષમાપન સ્તોત્ર' પ્રદાન કરવા માટે જ ન રચાઈ હોય!

એ સ્તોત્રમાં ત્રણ ખૂબી છે.

એમાં ક્રમશઃ આગલા જન્મોથી માંડીને આ જન્મે ગર્ભમાં, જન્મતાંની સાથે, બાલ્ય-યુવાની-વૃધ્ધાવસ્થામાં ''સ્મૃતો ધ્યાત આવાહિતોસ્યર્ચિતો વા''

ન ગીતઃ સ્તુતો વંદિતો વા ન જપ્તઃ ।

આમાંનું કશું જ નથી કર્યું. જેથી ક્ષમા માગી છે.

બીજું 'ક્ષમસ્વાપરાધં' ત્રિવાર બોલવાનું છે કારણ કે મન, વચન અને કર્મથી ત્રિવિધ દોષોની ક્ષમા માટે 'ક્ષમસ્વાપરાધં' એ યાંચાનો ત્રણ વાર પ્રયોગ થયો છે.

ત્રીજું છેલ્લે ગાયું છે.

યાથાડડલંબનં ભૂર્હિ ભૂનિઃ સૃતાંધ્રે

અર્થાત જેમ ભૂમિ પર ડગમગતા પગ ભૂમિ પર જ સ્થિર થાય છે. ભૂમિ પર ઠોકર વાગે તો ભૂમિ જ આધારરૂપ બને છે. તેમ ભગવાનનો દોષ આપણાથી થાય તો માફી આપી અવલંબન પણ એ દત્ત ભગવાન જ થાય છે.

ભગવાન તો દયાનો સાગર છે, તે તો ભક્તોને માફ કરી જ દે છે.

પૂ. શ્રીએ પણ દત્તરક્ષાસ્તોત્રમાં ગાયું છે 'દોષો બધા કરી માફ યથા માતા સ્તનધય'.

ક્ષમાના સંદર્ભે શ્રી ભર્તૃહરિ મહારાજ કહે છે. 'ક્ષમા પ્રભુવિતુઃ' પ્રભાવશાળી હોય તે જ ક્ષમા આપી શકે.

વળી, 'શક્તાનાં ભૂષણં ક્ષમા'

'ક્ષમા વિરસ્ય ભૂષણં'

ક્ષમા એ શક્તિમાનનું વિર પુરુષોનું ભૂષણ છે. જે સજા કરવા સમર્થ હોય, છતાં તે માફી આપી દે એ જ એની મહાનતા કહેવાય.

સંતો તો એથી એક ડગલું આગળ વધતા હોય છે. અપરાધ કરનાર અપકારીને માફ કરે છે એટલું જ નહીં પણ તેના પર ઉપકાર કરે છે.

અપકારી પર પણ કરે જે ઉપકાર સહાય,
તે જ સાધુલક્ષણ નકી, શત્રુમિત્ર ન ત્યાંય. (શ્રી ગુ.લી. ૫૮/૮૬)

આ સંદર્ભે શ્રી. ગુ.લી.માં વસિષ્ઠ, વિશ્વામિત્ર, નરનારાયણ-ઈન્દ્ર, સદાશિવેન્દ્ર સ્વામી, ટીપુ સુલતાનનો સરદાર, પૂ. સ્વામી મહારાજ, વાસિમ ચોકીના પોલીસોનાં દૃષ્ટાંતો મોજૂદ છે.

નારેશ્વરના શરૂઆતના વસવાટ દરમ્યાન પૂ.શ્રીને પણ મઠિયામાં ઝેર આપવાના, મોર મારીને દરવાજે નાખી જવાના, નર્મદાજીના રસ્તે કાંટા નાખી જવાના આદિ અપકૃત્યો સહન કરવાં પડ્યાં છે. છતાં તે કરનારને ખબર ન પડે તે રીતે તેમને ક્ષમા આપીને તેમના પર ઉપકાર કર્યા છે.